
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મિથુન**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચાંડાલ યોગ છે. આજે રાત્રે પોણા નવ વાગે ચંદ્ર કર્ક રાશિમાં આવે છે.**

**મેષ** ચંદ્રની ભાગ્ય સ્થાન પર દ્રષ્ટિ તમોને દરિયા પારથી મિત્રો - સંબંધીઓ દ્વારા ફાયદો કરાવે - આર્થિક લાભ કરાવે. હનુમાનજી - શનિદેવની ભક્તિ કરવી - શનિની અઢી વર્ષની પનોતીથી સાચવવું.

**વૃષભ** ભાગ્ય સ્થાન પર ભાગ્યના માલીક શનિદેવની દ્રષ્ટિ તેમજ આઠમે બુધ - શુક્ર પર દ્રષ્ટિ હોઈ અકલ્પનીય અણધાર્યા લાભ પ્રાપ્ત કરશો - ફાયદો જ ફાયદો છે.

**મિથુન** છઠ્ઠે શનિની આઠમે દ્રષ્ટિ છે પરંતુ આઠમા સ્થાનમાં બુધ - શુક્ર હોઈ ખરાબ યોગનું નિવારણ થઈ જાય છે તેથી દિવસ સુખમય આનંદમય લાભદાયક જશે.

**કર્ક** બારમે ચંદ્ર બીજે રાહુ તમોને આજે શું કરવું - શું ન કરવું તેવી મૂંઝવણમાં મૂકશે. બોલવામાં વિવેક રાખશો તો તમોને આજે નુકસાન ઓછું થશે નહીં તો મિત્રો શત્રુ થશે.

**સિંહ** શનિદેવ - હનુમાનજીની પૂજા - ભક્તિ કરવાથી તમોને ચાલતી પનોતી નડશે નહીં. રાશિમાં ગુરુનું ભ્રમણ તમોને ધર્મ પ્રત્યે તમારી આસ્થામાં વધારો કરવા પ્રેરશે.

**કન્યા** દસમે બુધની રાશિનો ચંદ્ર આજે તમારી લોકપ્રિયતામાં વધારો કરશે - બીજે મંગળ બીનજરૂરી સાહસ કરવા પ્રેરણા આપશે. સાચવવું.

**તુલા** શનિની સાડાસાતી પનોતી ઉતરતી છે. હનુમાનજી - શનિદેવની ભક્તિ પૂજા કરવી. રાશિમાં મંગળ વિના કારણ ગુસ્સો કરાવે - બે દિવસ ધ્યાન રાખવું.

**વૃશ્ચિક** શનિની સાડાસાતી પનોતી ચાલે છે - હનુમાનજી - શનિદેવની ભક્તિ - પૂજા કરવી. બારમે મંગળ બે દિવસ માટે સાચવશો - ગુસ્સો ન કરાવે - સંયમ રાખશો.

**ધન** શનિની સાડાસાતી પનોતી શરૂ થયેલ છે. હનુમાનજી - શનિદેવની ભક્તિ - પૂજા કરવી. બારમે શનિ વિના કારણ ખર્ચ કરાવે તેમ છે. મંગળ બારમે આવે છે - સાચવવું.

**મકર** રાશિમાં બુધ શુક્ર હોઈ તેમજ આઠમે ગુરુ હોઈ દિવસ આનંદમય જશે - આર્થિક લાભ મળશે. સંતાન તરફથી સુખ મળશે. કૌટુંબિક સુખ તેમજ સંતાન સુખ મળશે.

**કુંભ** રાશિમમાં સૂર્યની પ્રતાપી દ્રષ્ટિ સાતમા સ્થાન પર પોતના ઘર પર પડતી હોઈ અપ્રતિમ લોકપ્રિયતા પ્રાપ્ત કરાવે. દસમે શનિ ફાયદો કરાવે - બઢતી અપાવે - ધંધો વિકસાવે.

**મીન** આઠમે મંગળ હોઈ બે ત્રણ દિવસ માટે મંગળ બદલાય નહીં ત્યાં સુધી સાચવવાનું જરૂરી છે. ઈષ્ટદેવની ભક્તિ પૂજા કરવાથી પડવા - વાગવા - દાઝવામાંથી મુક્તિ મળશે.



બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન બનાસડેરીની ક્ષિતિજો હવે ગુજરાત બહાર દેશના વિવિધ રાજ્યોમાં વિસ્તરી રહી છે. દૈનિક ૪૫ લાખ લિટર કરતા પણ વધુ દૂધ સંપાદન કરી ડેરીના પાલનપુર ખાતેનો પ્લાન્ટ તો ધમધમી રહ્યા છે અને હવે ભારતના ખૂણે ખૂણે દૂધની નદીઓ વહાવી માત્ર બનાસકાંઠા કે ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર દેશના પશુપાલકોની તારણહાર બનવા માટે બનાસ ડેરી તેના વિસ્તૃતિકરણ દ્વારા આગળ વધી રહી છે, તેના ભાગરૂપે હરિયાણાના ફરીદાબાદ ખાતે દૈનિક દસ લાખ લિટર ક્ષમતાના ડેરી પ્લાન્ટની સ્થાપના કરી છે. આ પ્લાન્ટ રૂ. ૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો છે. આ ડેરી પ્લાન્ટનું ગુજરાતના આરોગ્ય મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના વરદહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ ઉદ્ઘાટન સમારોહમાં બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ બોર્ડના તમામ ડિરેક્ટરે, મેનેજિંગ ડિરેક્ટર સંજય કરમચંદાની તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધાનેરામાંથી ત્યજી દેવાયેલી ત્રણ માસની બાળકી મળી

ધાનેરા, તા. ૧૮

આપે કહેવત તો સાંભળી હશે કે મારનાર કરતા તારનાર વધારે હોય છે. આજે વહેલી સવારે ધાનેરામાંથી એક ત્યજી દેવાયેલી બાળકી મળી આવતા લોકોમાં ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ એક પરિવારે આ બાળકીને ઉછેરવાનો સંકલ્પ કર્યો છે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરાની કે જ્યાં આજે એક અવાવરૂ વગડામાંથી એક ત્રણ માસની બાળકી મળી આવી છે. ધાનેરાના પ્રતાપભાઈ રસ્તામાં જઈ રહ્યા હતા તે અચાનક બાળકીને રડવાનો અવાજ સાંભળતા તે તરત દોડી ગયા હતા અને ત્યાં જઈ જોયું તો એક બાળકી બિન વારસી હાલતમાં પડી હતી. આજુબાજુ કોઈ ન દેખાતા આ બાળકીને પોતાના ઘરે લઈ ગયા હતા. આજે ધાનેરા પોલીસને પણ જાણ કરી હતી તો બીજી તરફ બાળકી જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. બાળકીને ખોળામાં રાખીને બેઠેલી અને બાળકીને દૂધ પીવડાવી રહેલી મહિલા બાળકીની માતા તો નથી પરંતુ આ મહિલાએ આ બાળકીને ઉછેરવાનો સંકલ્પ કર્યો છે. જન્મ દેનારી માતાએ તો બાળકીને ત્યજી દીધી પરંતુ હવે પાલક માતા કરશે આ બાળકીનો ઉછેર.

એક તરફ બેટી બચાવો બેટી પઢવોની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે. તો બીજી તરફ બેટીઓને ત્યજી દેવાનો સિલસિલો ચાલુ જોવા મળી રહ્યો છે.


## બાળકીને ઉછેર કરવાનો એક પરિવારે લીધો સંકલ્પ



# સૌરાષ્ટ્રમાંથી પ્રદેશ પ્રમુખ પસંદ કરવાનો સિલસિલો

અમદાવાદ, તા.૧૮

ભાજપે રાજકીય કારણોસર ાસૌરાષ્ટ્રમાંથી જ પ્રદેશ પ્રમુખની નિમણૂંકનો સિલસિલો જારી રાખ્યો છે. ફરી એકવાર સૌરાષ્ટ્રના નેતાની જ પસંદગી કરાઈ છે. ગુજરાતમાં ભાજપની સત્તા આવી ત્યારે સંગઠનના મુખ્ય સંગઠનના મુખ્ય હોદ્દા પર દક્ષિણ ગુજરાતના સિનિયર નેતા કાશીરામ રાણા પ્રદેશ પ્રમુખ હતા. એ પછી રાજેન્દ્રસિંહ રાણા, વજુભાઈ વાળા, પરસોત્તમ રૂપાલા અને આર સી ફળદુએ પ્રદેશ પ્રમુખનું પદ મળ્યું છે. હવે વધુ એક નેતા વિજય રૂપાણી નવો હોદ્દો સંભાળવા જઈ રહ્યા છે. ભાજપના અત્યાર સુધીના પ્રદેશ પ્રમુખોમાં કેશુભાઈ પટેલ, મકરંદ દેસાઈ, એ.કે.પટેલ (ઈન્ચાર્જ), શંકરસિંહ વાઘેલા, કાશીરામ રાણા, વજુભાઈ વાળા, રાજેન્દ્રસિંહ રાણા, પરષોત્તમ રૂપાલા, આર.સી.ફળદુનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ભાજપને પૂર્ણ સત્તા દક્ષિણ ગુજરાતે અપાવી છે



પરંતુ જ્યારથી ભાજપ સત્તામાં છે ત્યારથી અત્યાર સુધી ભાજપને સૌરાષ્ટ્રના પ્રદેશ પ્રમુખ ફળ્યા છે. ૧૯૮૮ પછી હિન્દુત્વનો કેવળ રાષ્ટ્રીય એજન્ડા નક્કી થયો હતો જેના કારણે ભાજપને ૧૯૯૫માં સંપૂર્ણ સત્તા મળી હતી.

ગુજરાતમાં જનસંઘની લઈને ભાજપ માટે પાંચ દસકા સુધી લોહીપસીનો એક કરનારા કાશીરામ રાણા મુખ્યમંત્રી બની શક્યા નહીં તેનો દક્ષિણ ગુજરાતને વસવસો છે. ૧૯૯૬માં એક તક મળી હતી. પરંતુ પાર્ટી હાઈકમાન્ડે છેવટે સુરેશ મહેતાને મુખ્યમંત્રી બનાવ્યા હતા. છેલ્લા ઘણા દિવસથી ભાજપમાં પ્રદેશ પ્રમુખને લઈને ભારે ખેંચતાણની સ્થિતિ હતી પરંતુ પસંદગી કરવામાં ન આવતા ચર્ચાઓનો દોર ચાલી રહ્યો હતો. હવે આવતીકાલે ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવનાર છે.



## અરવલ્લીમાં એબીવીપી દ્વારા રેલી યોજાઈ

દિલ્હીની જેએનયુમાં આતંકવાદી અફઝલગુરૂની વરસીદિને કેટલાક વિદ્યાર્થીઓએ શહીદદિન ગણાવી દેશ વિરોધી નારેબાજી કરી દેશને લાંછન લગાવે તેવી ઘટનાઓ સામે આવતા ભારતીય જનતા પાર્ટીની વિદ્યાર્થી પાંખ એબીવીપીના સદસ્યોએ મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર ઉગ્ર વિરોધ દર્શાવતી પત્રીકાઓ સહિત રેલી યોજાઈ હતી. આ રેલીમાં એબીવીપીના પ્રમુખ વ્રજ પટેલ અને વિદ્યાર્થીની પાંખના સ્વરાબેન રાજપુત સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાઈ દેશ વિરૂદ્ધ પ્રવૃત્તિને કોઈપણ ભોગે સાખી નહી લેવાય તેમ જણાવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે વિકલાંગ શિશુ વાલી તાલીમ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ ખાતે આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિરમાં વિકલાંગ શિશુ વાલી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી વિકલાંગ બાળકોના વાલીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

પ્રાંતિજ ખાતે વિકલાંગ બાળકોને શિક્ષણમાં વાલીઓને નડતા પ્રશ્નો અને માર્ગદર્શન આપતુ વિકલાંગ શિશુ વાલી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી આવનારા વાલીઓને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, બી.આર.સી. કો-ઓર્ડિનેટર ભાવનાબેન મોદી, સાદુલભાઈ ઠાકર, ભાસ્કરભાઈ પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને વાલીઓને પડતી મુશ્કેલીઓના ઉકેલ લાવી સાચી સલાહ તથા સરકારના લાભોથી વાકેફ કર્યા હતા. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન ભાસ્કરભાઈ મહેતા, મુકેશભાઈ સથવારા, શૈલેષભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## મેઘરજ કોલેજમાં સ્વામી વિવેકાનંદ વિચાર શિબિર યોજાઈ

ઈસરી, તા. ૧૮

મેઘરજ સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ ખાતે તારીખ ૧૬ અને ૧૭ના રોજ બે દિવસની સ્વામી વિવેકાનંદ વિચાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે સાહિત્યકાર કિશોરસિંહ સોલંકી તેમજ વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક વિપુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય યુ.કે. ગાંગુર્ડે તેમજ અજયસિંહે સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદના વિચારો વિશે જ્ઞાન મેળવ્યુ હતો.




મેઘરજ તાલુકાના નવાગામ કસાણા સ્વામીનારાયાણ મંદિરના પાંચ વર્ષ પૂર્ણ થતાં સ્વામીનારાયણ કુમકુમ મંદિર મણીનગર અમદાવાદના સહયોગથી સોમવારના રોજ નવાગામ કસાણા ખાતે પાટોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામીનારાયણ સંપ્રદાયના મહંત શાસ્ત્રી આનંદપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષસ્થાને ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન સ્વામીનારાયણની કસાણાથી નવાગામ સુધી કાઢવામાં આવેલ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. જેમાં સ્વામીનારાયણ ભગવાન ષોડ્શોપચારથી પૂજન અર્ચન કરીને પાટોત્સવ વિધી કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વામીનારાયણ ભગવાન જીવનપ્રાણ બાપા શ્રી મુક્તજીવન સ્વામી બાપા સમક્ષ ૨૫૧ વાનગીઓને ભવ્ય અન્નકુટ ધરાવ્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આસપાસના વિસ્તારના તેમજ અમદાવાદથી આવેલ હરી ભક્તોએ લાભ લીધો હતો.

## ગાબડુ પડતા ટેન્કર પલટી ખાતા કર્મીનું મોત થયું

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરના ઘી કાંટા ચાર રસ્તા પાસે આજે વહેલી સવારે રસ્તા પર ગાબડુ પડી જતાં એક કર્મચારીનું ટેન્કર પલટી ખાતા મોત થયું હતું. આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ હતી અને વહેલી સવારે જ આ મામલાની ચર્ચા લોકોમાં જોવા મળી હતી. વહેલી સવારે સાફ સફાઈની કામગીરી શરૂ થાય તે પહેલા બનાવ બન્યો હતો. ગટર સાફ કરવાનું ટેન્કર પલટી ખાઈ ગયું હતું. પોલા રસ્તાના કારણે ભુવો પડી જતાં ટેન્કર પલટી ગયું હતું. આ ઘટનામાં ટેન્કર નીચે દબાઈ જતાં ઘટનાની જાણ ફાયર બ્રિગેડને જાણ કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ ઘટનાની જાણ કારંજ પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. ફાયર બ્રિગેડના સુત્રો મુજબ, શહેરના ઘી કાંટા ચાર રસ્તા પાસે આજે વહેલી સવારે ૩ વાગે સુપર સકર મશીન નં. ડીઆઈ ૧ જીસી ૧૧૪૬ ઉભુ હતું. તે દરમ્યાન અચાનક ભુવો પડી જતાં સુપર સકર મશીન પલટી ખાઈ ગયું હતું. સુપર સકર મશીન પલટી જતાં કોન્ટ્રાકર લેબરનું કામ કરનાર કર્મચારી બુજારામભાઈ (ઉ.વ.૨૧) મશીન નીચે દબાઈ ગયા હતા.

### રાહુલ સામે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આની સાથે જ મોટો ફટકો પડ્યો છે. અરજીમાં આક્ષેપ કરાયો છે કે, રાહુલ ગાંધીએ જેએનયુ કેમ્પસમાં રાષ્ટ્રવિરોધી સૂત્રોચ્ચાર કરી રહેલા વિદ્યાર્થીઓને પોતાનો ટેકો આપ્યો હતો. રાહુલ ગાંધીએ જેએનયુ કેમ્પસની મુલાકાત લીધી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે, જે વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે તેમને શાંત કરી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કનૈયા કુમાર પોતાની રજૂઆત કરવા માટે આગળ આવ્યો હતો પરંતુ સરકારે તેને રાષ્ટ્રવિરોધી ગણાવીને તેની અટકાયત કરી લીધી છે. રાહુલ ગાંધીએ જેએનયુ વિવાદ મામલે મોદી સરકારની ટિકા કરી હતી.

### તખ્તો તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચકાસણી કરવામાં આવી છે. તેમાં ઓડિયો સાફ નથી. જો પોલીસને પુરાવા મળતા નથી તો આરોપને હળવા કરવા પડશે. બુધવારના દિવસે પટિયાળા હાઉસ કોર્ટમાં વકીલોની એક ટીમે કુમાર પર હુમલો કરી દીધો હતો. કનૈયા પાસેથી પણ કેટલીક વિગત મળી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, દિલ્હી પોલીસની પ્રતિષ્ઠાને પણ આ મામલાથી ફટકો પડ્યો છે. કનૈયા કુમાર સામે દિલ્હી પોલીસના વડા બે નિવેદન કરી ચુક્યા છે. હાલમાં જ તેઓએ કહ્યું હતું કે, કનૈયા સામે મજબૂત પુરાવા રહેલા છે અને હવે એવું જાણવા મળ્યું છે કે, તેની સામે ભારત વિરોધી નારાના કોઈ પુરાવા મળી રહ્યા નથી.

### મનપાનું બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. મીનાબા વાઘેલાએ સ્વચ્છતા માટે આપણે કશુ જ કરી શક્યા નથી તે અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

શ્રી હસમુખ મકવાણાના આક્ષેપોને ફગાવતા તેમણે જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં વિકાસના ઘણા બધા કામો કરવામાં આવી રહ્યા જ છે અને હજુ પણ થશે. આ પછી તેમણે બજેટ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે તેવી જાહેરાત કરતાં કોંગી સભ્યોએ વિરોધ કરતાં મતદાન પર બજેટ મુકવામાં આવ્યુ હતુ અને બહુમતિથી તે પસાર કરાયાની જાહેરાત સાથે સભાનું કામકાજ પૂર્ણ થયાનું જણાવ્યું હતું.

આજે સામાન્ય સભામાં સલામતિ માટેના કડક પગલાં તંત્રએ પહેલીવાર લીધા હતા. આજની આ બેઠકમાં નવનિયુક્ત કમિશનર શ્રી ડી.એન. મહેતાને પુષ્પગુચ્છ આપી મેયરે સત્કાર્યા હતા અને નિમણુંક બદલ આવકાર આપ્યો હતો.

### તિરંગા ધ્વજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નેતા તરીકે છે. કોર્ટમાં કનૈયાએ પોતાને દેશભક્ત ગણાવવાના મુદ્દે પ્રધાને કહ્યું હતું કે, આવા લોકો ખુબ જ હોશિંયાર હોય છે. યુનિવર્સિટીમાં દેશની સામે નારેબાજી કરવામાં આવે છે અને કોર્ટમાં કંઈ જુદા નિવેદન કરે છે. સુપ્રીમ કોર્ટમાં કડક આદેશને પાળવામાં આવે તેવી રજૂઆત પણ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે જોરદાર વિવાદ જારી છે ત્યારે તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ૨૦૭ ફૂટ ઉંચા તિરંગા ધ્વજ લહેરાવવાનો આદેશ કરી દીધો છે. ખુબ જ ઝડપથી આ પ્રક્રિયાને આગળ વધારીને યુનિવર્સિટીમાં તિરંગ ધ્વજ લહેરાવવામાં આવશે.

### તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

રહેવાની કોશીશ કરવી જોઈએ. ચાલો આજની રવિ સભા પૂરી કરીએ આવતા રવિવારે એક કલાક પાછા મળીશું. માધુરીબહેને કહ્યું આજે સરસ મજાની આચાર્ય ખીચડી અને છાશ બનાવી છે. બીજું કઈ જોઈએ તો બનાવી દઉં... બધાએ કહ્યું આચાર્ય ખીચડી બહુજ સરસ છે બધાએ પેટ ભરી ભગવાનને યાદ કરી ભગવાનની પ્રસાદી ખીચડી રૂપે લીધી. કલાક પછી માધુરીબેનને ભયંકર પેટમાં દુખવાનું ચાલુ થયું, સાથે ઝાડા (ડાયેરિયા)થઈ ગયા. દીકરો મેડીકલમાં હતો કોઈ સીનીયર ડોક્ટરની સલાહ લઈ દવા આપી અને માધુરીબેનને સારું થઈ ગયું દીકરાએ કહ્યું - મમ્મી ચાલો કાલે મારી સાથે હોસ્પિટલમાં ત્યાં આપણે લોહીના બધા ટેસ્ટ, સોનોગ્રાફી, ફીઝીશિયન અને ગાયનેકનું ઓપિનિયન લઈ એ. બીજા દિવસે સવારે માધુરીબેનને સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં બધા લોહીના ટેસ્ટ, ફીઝીશિયન અને ગાયનેકનું ઓપિનિયન લીધા બાદ વધારે પાણી પીવડાવી સોનોગ્રાફી માટે લઈ ગયા બે વખત સોનોગ્રાફી કર્યા બાદ ડોકટરે લોહીનો એક ટેસ્ટ કરાવવા કહ્યુ જેનું નામ હતું CA -125.

CA -125 એટલે શું ? CA -125 એ લોહીમાં થતો એક ટેસ્ટ છે જે ગર્ભાશયમાં કેન્સર માટેનો એક માર્કર છે જો એ વધરે હોય તો કેન્સરની શક્યતા વધે છે માધુરી બેન નું CA -125 એક કલાક પછી રીપોર્ટ આવ્યો જે ૧૦૦ કરતા વધારે છે.જેની નોર્મલ રેંજ ૦ થી ૩૫ U/ ML છે. સોનોગ્રાફી રીપોર્ટમાં પણ કેન્સરની અસર દેખાતી હતી. માધુરીબેનના મોં ઉપર ગુસ્સો વર્તાવા લાગ્યો. મને કોઈ દિવસ કેન્સર હોય જ નહીં અરે ...હું ભગવાનની ભક્તિ કરું છું . કેન્સર ના હોઈ શકે... ફરી સોનોગ્રાફી કરો અને લોહીના ટેસ્ટ કરો. દીકરો મેડીકલમાં હતો, સમજાવ્યા પછી પણ બંને વસ્તુ ફરી કરાવી અને આખરે માધુરીબેનનું દુખ સાથે કેન્સરનું ઓપરેશન કરવું પડ્યું. કેન્સર સર્જને કહ્યું તમારા દીકરાના લીધે વહેલું ડાયગ્નોસીસ થવાના લીધે તમારું ઓપરેશન શક્ય થયું. એ જ તમારી રવિસભાનો સાર છે. ભગવાને તમને બચાવ્યા છે.

દરેક બહેનોએ કોઈ તકલીફ હોય કે ના હોય પણ ૩૫ વર્ષ પછી વર્ષમાં એક વાર CA-125 કરાવી લેવું જોઈએ... અને મોટી હોનારતમાંથી બચી જવું જોઈએ.

- sgpathlab@gmail.com

### પ્રદેશ પ્રમુખ તરીકે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાષ્ટ્રીયકક્ષાના અને રાયના ટોચના નેતાઓની હાજરીમાં કરવામાં આવશે અને તે સાથે જ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પણ શરૂ કરી દેવાનું આહવાન કરાશે. સમગ્ર રાયમાં મહોત્સવની માફક આ જાહેરાતની ઉજવણી કરવાનું આયોજન પણ થઈ રહ્યું છે. સોશ્યલ મિડિયામાં પોસ્ટરો ફરતા થઈ ગયા છે અને આજ રાત સુધીમાં ગાંધીનગર અને અમદાવાદ સહિત રાયના અનેક શહેરોમાં લાગી જશે. ફટાકડા ફોડી આ પ્રસંગની ઉજવણી કરાશે. સંગઠન માળખામાં દાયકાઓ સુધી પોતાનું યોગદાન આપવાના કારણે વિજયભાઈ રૂપાણી ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સંપર્કો અને સંબંધો ધરાવે છે. ભાજપના પાયાના કાર્યકરથી માંડીને ટોચના આગેવાનો સુધી તેમને ઘરોબો રહ્યો છે. પરંતુ જે વિસ્તારમાં વિજયભાઈનું નામ ઓછું જાણીતું છે તેવા વિસ્તારોમાં ધમાકેદાર ઉજવણીના આયોજનો પણ કરાયા છે.

### આજે સુનાવણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાવવામાં આવ્યો ત્યારે તેના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જેએનયુમાં એક કાર્યક્રમના સંદર્ભમાં રાષ્ટ્રદ્રોહના આરોપ મામલામાં કનૈયાને દિલ્હી પોલીસે ૧૨મી ફેબ્રુઆરીના દિવસે પકડી પાડ્યો હતો. બીજી માર્ચ સુધી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. દરમિયાન સુપ્રીમ કોર્ટે આજે લોકોને કહ્યું હતુ કે, કનૈયા કુમારની દેશદ્રોહના આરોપોમાં થયેલી અટકાયતના પ્રકરણ પર નિવેદન કરતી વેળા સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. ન્યાયાધીશ જે ચેલમેશ્વરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, તે પટિયાલા હાઉસ કોર્ટ સંકુલમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નજર રાખી રહી છે. કોર્ટની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વકીલ આરપી લુથરાએ આક્ષેપ કર્યો છે કે, દિલ્હી પોલીસ પર દબાણ લાવવામાં આવી રહ્યું છે તે જેલમાં રહેલા વિદ્યાર્થી લીડર કનૈયાની જામીન અરજીનો વિરોધ કરવામાં ન આવે.